શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુક

વર્ષ : ૧૩

અંક : ૩


## માઈક્રો ઈન્સ્યોરન્સ

ઓછી આવક ધરાવતા સંગઠિત કે અસંગઠિત લોકોની નાની રકમના હપ્તાથી બચત અને વિમારક્ષણ પુરી પાડતી યોજનાઓ ઘણી વીમા કંપનીઓ દ્વારા શરુ થયેલ છે. ઓછી આવક ધરાવતા લોકો તેમના દૈનિક વેતનમાંથી રકમ બચાવી આ યોજનામાં નાની નાની રકમ રોકી તેઓ બચતની સાથે અન્ય જોખમો સામે રક્ષણ મેળ વવા હકદાર બને છે. હાલમાં જીવન વીમા નિગમની આ પ્રકારની પોલીસીઓ જેવી કે જીવનમધુર અને જીવનમંગલ ચાલે છે. દેશની સૌ પ્રથમ માઈક્રો ઈન્સ્યોરન્સ વીમા યોજનામાં જીવનમધુર પ્રથમ રજુ થઈ. જેને ભારતના તત્કાલિન રાષ્ટ્રપતિશ્રી અબ્દુલ કલામે ખુલ્લી મુકી હતી. આ પોલીસી ટુંકાગાળાની છે ને એક એવી સરળ વિમા બચત યોજના અને વિમારક્ષણ પુંરૂ પાડતી તદ્દન સરળ યોજના છે. જીવનમંગલ એ લાંબાગાળાની પોલીસી છે. ને ઓછામાં ઓછા ૧૫ રૂા નો હપ્તો છે. તેવી જ રીતે નેશનલ ઈન્શ્યોરન્સ કંપની દ્વારા પણ બિલકુલ નજીવી રકમમાં આરોગ્યને લગતી બાબતો સાથે ગ્રામ્ય સુરક્ષા વીમો કે જેમાં મકાન તથા ઘરના સામગ્રીની સુરક્ષા તથા વ્યકિતગત અકસ્માત વીમાના લાભ મળે છે. આ ઉપરાંત એગ્રીકલ્ચર ઈન્શ્યોરન્સ કંપની હવામાન આધારિત ખેતિ પાકોના જોખમો સામે રક્ષણ આપવા પોતાની પ્રોડકટ રજુ કરેલ છે. આ તમામ પ્રકારના ઈન્શ્યોરન્સ માટે આ કંપનીઓએ સ્વૈચ્છિક સંસ્થાઓને આ પોલીસીના પ્રમોશન કાર્યમાં જોડાવા આવકારેલ છે. હાલમા ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ આ પ્રકારની કામગીરમાં જોડાયેલ છે. સ્વૈચ્છિક સંસ્થાઓ પોતાના કાર્યકરોને તેમના ક્ષેત્રિય કાર્યની સાથે સ્વસહાય જુથના વ્યકિતઓ, આંગણવાડી કાર્યકરો, યુવા જુથના પ્રતિનિધિઓ કે સ્થાનિક કક્ષાએ લોકો સાથે નિયમિત સંપર્ક ધરાવતા હોય તેમને તેઓ આ કામની વિગતો લોકોને સમજાવી તેમાં જોડી શકે છે.

આ પ્રકારે ચાલતી કામગીરીમાં ૫૫૮ લોકો આ યોજનામાં ૧૮ સબ એજન્ટો દ્વારા જીવન વીમા નિગમ સાથે સંકળાયેલ છે. ૨૦૦ જેટલા ખેડૂતો એગ્રીકલ્ચર ઈન્શ્યોરન્સ કંપની સાથે હવામાન આધારિત વીમો મેળવી રહયા છે.

ખાંભા તાલુકામાં સ્વ સહાય જુથના પ્રમુખ – મંત્રીશ્રીઓ સાથે તા. ૧૮/૩/૧૧ ના રોજ જીવન વીમા નિગમના અધિકારીશ્રી રાજુભાઈ પરમાર તથા તેમની ટીમ દ્વારા બેઠક યોજાઈ હતી જેમાં આ પ્રકારની કામગીરી સાથે સંકળાયેલ સ્પેસીફીક પર્સન પણ સાથે રહયા હતા.

***કોઈ મંઝીલ પર પહોચવા કરતાં આશાભર્યો પ્રવાસ વધુ ફળદાયી છે.***

**મહીલા દીન/ શિક્ષિત સ્ત્રી સમાજનું ઘરેણુ**

આજના આધુનિક સમયમાં શિક્ષિણનો વ્યાપ વધવા સાથે નારીની મહતા અને પ્રતિષ્ઠામાં ઉતરોતર વધારો થવા લાગ્યો છે. નારી કેવળ ઘરની ચાર દિવાલમાં કેદ ન બનતા સર્વત્ર નર અને નારીનો દરજજો સમાન લેખાવા લાગ્યો છે. સ્ત્રી કેળવણી– જનજાગૃતિ– તેત્રીસ ટકા લોકશાહીમાં સ્થાન નવું કરી છુટવાની તમન્ના અને ખાસ કરીને સમાજમાં સ્ત્રીઓ ઉપર થતા અત્યાચારના જવાબથી જાગૃત નારી આજે પુરૂષો સાથે કદમ મિલાવી પોતાનો અવાજ બુલંદ કરી રહી છે. સામાન્ય રીતે સંસાર ચક્રના બે પૈડામાં એક પૈડું સ્ત્રીનું ગણવામાં આવે છે. જો એક પાગળું રહેતો સંસાર રથની ગતિ વિસંવાદી બની જાય અને તેથીજ આપણા ધર્મ શાસ્ત્રો એ પણ નર–નારી ઉભયનુ સમાન મહત્વ આંકવામાં આવ્યું છે. તેથી જ લખાયું છે કે નારીની પુજા થાય ત્યાં લક્ષ્મીનો વાસ રહે છે. પ્રાચીન સમયમાં સ્ત્રી કેળવણી મર્યાદીત હતી. છતા અનસુયા, અરૂંધતી, દેવ્યાની, દ્રોપદી, સીતા, શકુંતલા, ગાર્ગી કે ગૌતમી જેવી અસંખ્ય નારી રત્નોએ ભારતીય નારીને દ્રષ્ટાંત પુરૂ પાડયું છે. સ્ત્રીઓને બિચારી ન બનાવતા બહાદુર બનવાના પાઠ પણ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ જેવી વીરાંગના ઓ એ આપ્યા છે. આજે સમાજની તમામ ક્ષેત્રમાં સ્ત્રીઓ શિક્ષિત થઈને બહાર આવવા લાગી છે. આધુનીક યુગમાં જયારે ઘણી નારીઓ આધુનિકતા સાથે સ્વચ્છંદી બને છે, તેજ પણ જોવા મળે છે. સંયુકત કુટુંબનો વિચ્છેદ કે મા–બાપની વધુ પડતી ઉદારતા તેને નર્કની ખાઈમાં ધકેલી રહી છે. ત્યારે આજે આઠમી માર્ચ ઉજવાય રહેલ મહીલા દિને એટલુ તો સ્વીકારવું રહયું કે રાષ્ટ્રના અભ્યુદયમાં ખુમારીવાળા પુરૂષોના જેટલી જ જરૂર સુશિક્ષિત અને સુશીલ નારીની પણ છે.

ખાંભા તાલુકાના લાસા ગામમાં ૮મી માર્ચ ના રોજ બહેનો ભેગા થયા, સ્કુલના વિધાર્થીઓ સાથે એક રેલી કાઢી, જેમાં 'દિકરો– દિકરી એક સમાન', 'નારી શકિત જીંદાબાદ', 'એક દો તીન ચાર સ્ત્રી હિંસાનો થશે નાશ' વગેરે સુત્રોના નારાં લગાવ્યા બાદ બહેનોએ બેઠક કરી જેમાં ૨૦૦૫ થી ઘરેલું હિંસા પરનો કાયદો અમલમાં છે. જેનાથી સ્ત્રી પોતાના પરની હિંસા રોકવા માટે અત્યાચારનો સામનો કરવા માટે આ કાયદાનો ઉપયોગ કરી શકે . આજે સ્ત્રીઓ ઘણી બધી જાગૃત થઈ છે. ગ્રામ્ય બહેનોની ન્યાય સમિતી દ્વારા બહેનોને થતા પ્રશ્નોનું નિરાકરણ થાય છે. આમ મહીલા દિવસે સ્ત્રીની આઝાદી અને મુકત રહેવા માટે તેમજ બહેનો એક બીજાના સુખઃદુખમાં ભાગીદાર થવા બાબતે જરુરી સંદેશાની આપ લે વિવિધ પ્રવૃતિઓ દ્વારા કરવામાં આવી.

***સંકલન : ધર્મેન્દ્ર મહેતા***

***સફળતા એક સફર છે કોઈ મંઝીલનું નામ નથી.***

**ફાઉન્ડેશન ફોર રિસર્ચ ઈન હેલ્થ સિસ્ટમસ**

ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતીઓના સભ્યોને તેમની ભુમિકા અને જવાબદારીઓ અંગે તાલીમ આપવા માટે તથા તેમની ક્ષમતા વધારવા માટે, ગુજરાત સરકારે જન સ્વાસ્થ્ય અભિયાનના સહકારથી મે ૨૦૦૯ થી ૩૫૪૭ ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતીની તાલીમ અને દેખરેખ માટેની યોજના શરૂ કરી. ૧૬૫ બિન સરકારી સંસ્થાના ફેસીલીટેટર્સને તાલીમ આપવામાં આવી. દરેક બિન સરકારી સંસ્થાના ફસીલીટેટર્સ, દરેક ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતીની તેમના ગામમાં ઓરીએન્ટેશન મિટીંગનું આયોજન કર્યુ. ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતીના સભ્યોએ એવું અનુભવ્યુ કે આવી મિટીંગ તેમને એકબીજા સાથે ઓળખાણ કરવામાં તથા ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતીની કામગીરીને સમજવામાં તેમને ખુબજ ઉપયોગી સાબિત થઈ છે. તેમાં પણ ખાસ કરીને ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતીને દર વર્ષે મળતા ભંડોળના હેતુને સમજવામાં ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતીએ તેમનામાંથી અમુક સભ્યોની, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર થનારી ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતીની તાલીમ લેવા માટે વરણી કરી. પુર્વ અને પાશ્વાત્ય તાલીમ જ્ઞાન ચકાસણી દ્વારા એવુ ધ્યાનમાં આવ્યુ કે, ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતીના કોમ્યુનીટીના સભ્યોનું ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતી કામગીરી અંગેનું જ્ઞાન આરોગ્ય કાર્યકર્તાઓ જેટલુ થયુ કે જે તાલીમ પહેલા ખુબજ ઓછુ હતું. જીલ્લા સ્તરના અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્તરના આરોગ્ય અધિકારીઓ તરફથી બિન સરકારી સંસ્થાઓને સહકાર મળ્યો હતો. ત્વરિત પ્રક્રિયાઓ, જેવી કે રાજય સરકાર દ્વારા સરકારી ઠરાવમાં સુધારાથી ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતીના બેંકના ખાતાની સહિ સંબંધી ઘણીબધી મુશ્કેલીઓ દુર થઈ હતી. ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતીના સભ્યપદને લગતી મુશ્કેલીઓને હલ કરવા માટે બિનસરકારી સંસ્થાઓને, જીલ્લા આરોગ્ય અધિકારી સાથે વાતચીત કરીને તેમની મંજુરી લઈને ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતીમાં ગામના અન્ય સક્રિય સભ્યોને સામેલ કરવા માટેની મંજુરી આપવામાં આવી.

૧. આ સમિતીને સ્થાનિક સ્તરે અસરકારક સંચાલન માટેની તાલીમ આપવી જોઈએ.
૨. તેમની યોજનાઓનું અને ખર્ચાઓનુ નિરીક્ષણ કરવું કે તે માર્ગદર્શિકા મુજબ અને તેમાં થયેલ સુધારા પ્રમાણે છે કે નહિ.
૩. ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતીની પ્રવૃતિઓ તથા ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતીના સભ્યોને વધુ દ્દશ્યતા પુરી પાડવી.
૪. તાલીમ દરમ્યાન હયાત માહિતી, શિક્ષણ અને સંચારના સાધનોનો તથા ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતીના ચલચિત્રનો ઉપયોગ કરવો.
૫. ગ્રામ્ય સ્તરે થતી આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓના નિરીક્ષણમાં ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતીને સામેલ કરવી જોઈએ.

એફઆરએચએસ દ્વારા તૈયાર કરાયેલ અહેવાલના સારાંશના અમુક અંશો અહી મુકુ છુ તેના પર તા.૯–૧–૧૧ ના રોજ તમામ સંસ્થાઓ ચર્ચા માટે મળી હતી.

*– અશોક શેલાર*

***કાટથી લોખંડ ખવાય છે આળસથી માણસ ખવાય છે.***

## યુવા તાલીમ

રાજકોટ જીલ્લાના કુવાડવા ગામે બસંત બિહાર રીસોર્ટમાં માનવ અધિકાર માટે યુવા તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. આ તાલીમમાં એસ.એસ.કે.કે, ઉત્થાન, સ્વાતી, સાવારાજ આ ચાર સંસ્થાઓએ ભાગ લીધો હતો. જીતેન્દ્રભાઈ મારૂ અને ચીથરભાઈ બારૈયાએ તાલીમ આપી હતી. ભારતના બંધારણનું આમુખ જોઈએ તો દરેક લોકોને ન્યાય, સામાજીક, આર્થીક તથા રાજકીય સ્વતંત્રતા તથા સમાનતા વિશે દરેક લોકોને એક સમાન અધિકારો આપવામાં આવે છે. જે યુવાનોને પોતાના માનવ અધિકાર પ્રત્યે જાગૃત થવાનુ, સંગઠીત થયેલ યુવાનો બદલાતી સામાજીક પ્રક્રિયાને સમજી તેનો સામનો સ્થાનિક સ્તરેથી કરતા થાય તે છે. દેશ સ્વતંત્ર થઈ ગયો છતા પણ ઘણા લોકો એવા છે કે પોતાના અધિકાર બાબતે અજાણ છે. 'અધિકાર એટલે બંધારણે આપેલ તમામ અધિકારો' ને 'ભારતના નાગરીક તરીકે મળેલા તમામ અધિકારો' તથા માનવ અધિકાર વિષે પણ જાણતા નથી તેની માહિતી આપી હતી. માનવ અધિકાર એટલે "જન્મથી માનવને જીવન જીવવા અને નિર્વાહના મળેલા તમામ અધિકારો એટલે માનવ અધિકાર" આપણે જાણતા હોય તેવા અધિકારમાં જીવન જીવવાનો અધિકાર, ખોરાકનો અધિકાર, શિક્ષણનો અધિકાર, માહિતીનો અધિકાર, સ્વતંત્રતાનો અધિકાર, ન્યાય મેળવવાનો અધિકાર, ગ્રાહક સુરક્ષાનો અધિકાર, મિલકતનો અધિકાર, લગ્નનો અધિકાર વગેરે અધિકારો વિશે માહિતી આપી. તાલીમમાં સ્ત્રી અને પુરૂષ વચ્ચેના ભેદ ભાવ વિશે માહિતીગાર કર્યા. જેમાં સ્ત્રીઓ પર કેવા અત્યાચારો થાય છે તે માટે આપણે શું કરવું તેના વિશે માહિતીગાર કર્યા. યુવાનોને સમજાવ્યું કે સ્ત્રી પર થતી ઘરેલું હિંસા અટકાવવી જોઈએ. જો આ ચર્ચા અને વિષય જાહેરમાં લાવીશું તો તેને અટકાવવામાં આપણે સફળતા મેળવી શકીશું. કોઈ વ્યકિત પોતાના અધિકારથી વંચીત ન રહી જાય તે માટે તાલીમાર્થીઓને તે અધિકારો સમજાવ્યા જેથી તે પોતાના અધિકારો પ્રાપ્ત કરી શકે અન્યને તે જણાવી શકે. જેના હેતુ નીચે મુજબ હતા.

૧. દરેક યુવાનો સંગઠીત થાય અને પોતાના માનવ અધિકાર પ્રત્યે જાગૃત થાય.

૨. સંગઠીત થયેલ યુવાનો બદલાતી સામાજીક પ્રક્રિયાનો સામનો સ્થાનિક સ્તરેથી કરતા થાય.

**<u>પ્રિય વાચક મિત્રો,</u>**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે.

આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે. **—ટપક ટીમ**

**ચિતની ચંચળતા ઓછી કરવાથી ચિંતા મુકત બની શકાય.**

## યુવા ઈવેન્ટ

નવજયોત મહિલા સંગઠન અને શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા તા. ૨૨/૦૩/૧૧ના રોજ અમરેલી ખાતે હરિરાજ તાલીમ સંસ્થામાં ૧૧૦ યુવાનો સાથે યુવાનોમાં અધિકારની સમજ ઉભી થાય, માનવ અધિકારને લઈ હિંસામાં આપણી ભુમિકા, વિશ્વ સ્તરે ચાલતા સંઘર્ષમાં હિસાનું સ્વરૂપ, તથા માનવ અધિકારને લઈ તાલુકા કક્ષાએ ગૃપ ઉભુ થાય તે માટે ઈવેન્ટ યોજાઈ.




સ્વાગત તથા સંસ્થા પરીચય વિપુલભાઈ તથા અસરફબેનએ આપ્યો હતો. સંગીતાબેન દવેએ જાતિ સમાનતા, સ્ત્રી પુરૂષ ભેદભાવ, પિતૃસતાક સમાજ વ્યવસ્થા વિશે જુદા જુદા ઉદાહરણ દ્વારા માહિતી આપી. જીગ્નાબેન જોષીએ યુવાનોની થયેલ તાલીમ દ્વારા તૈયાર થયેલ માળખાની સમજ આપી. આશિતભાઈ ઠકકરએ ગૃપ ચર્ચા તથા બે રમતો દ્વારા સંગઠનને મજબુત બનાવવુ, આપણને નડતા પ્રશ્નોનું નિરાકરણ લાવવુ, મુશ્કેલીના સમયે વિચારીને ચાલવુ વિગેરે બાબતો સ્પષ્ટ કરી હતી. માનવ અધિકારના મુદે દબાણ જુથ બનાવવામાં આવ્યું જેમાં ૮ બહેનો ને ૭ ભાઈઓ સ્વૈચ્છિક રીતે જોડાયા હતા.

***ગુસ્સો માણસની આંખ બંધ કરી દે છે અને મોઢુ ખોલી નાખે છે.***

## વેસ્ટ મેનેજમેન્ટ

વેસ્ટ મેનેજમેન્ટએ આજની એવી સમસ્યા છે કે તેના નિરાકરણો મેળવવામાં ખુબ મુશ્કેલી પડે છે. ગામના ઉકરડા, ઘર વપરાશનું પાણી, મેડીકલ વેસ્ટ, પ્લાસ્ટીક વગેરે બિન વપરાશી કચરો કે જેના વ્યવસ્થાપન માટે લોકો અને સ્થાનિક તંત્ર ઉદાસિન છે. છુટા છવાયા પ્રયત્નો થાય છે પરંતુ ખાસ પરીણામો મેળવી શકાતા નથી.શિક્ષણ અને સમાજ કણ્યાણ કેન્દ્ર દ્વારા જુનાગઢ જીલ્લાના પાંચ ગામો(વીરપુર, ભીમદેવળ, ટીંબડીં, ભુવાટીબી અને સીમાર) માં વેસ્ટ મેનેજમેન્ટ પર લોકો જાગૃત થાય તેવું કાર્ય ૨૦૧૧–૧૨ માટે કરવામાં આવનાર છે. આ કામગીરીના ભાગરૂપે સંસ્થાએ માર્ચ મહિનાની બીજી તારીખે ઉપરોકત તમામ ગામોમાં જઈ આશાવર્કર, આંગણવાડી કાર્યકરો તથા શાળાના વિધાર્થીઓ સાથે વાર્તાલાપ યોજયો હતો.

વીરપુરગામમા સરપંચશ્રી, તલાટી કમ મંત્રીશ્રી, શાળાના આચાર્યશ્રી એ ગામના સ્વચ્છતાના પ્રયાસોની વાત કરી હતી. તેઓએ ગામમાં ગટરની વ્યવસ્થા માટે મહાત્મા ગાંધી રાષ્ટ્રિય ગ્રામીણ સ્વરોજગાર અધિનિયમ અન્વયે કાર્યવાહી હાથ ધરી હતી પરંતુ તેમાં રસ્તાની બંને બાજુ ગટર બનાવવાની લોકોની વાત મુજબ એસ્ટીમેટ ન બનતા રોડની એક સાઈડ જ ગટર બનાવવા દરખાસ્ત થઈ તે અંગે ચર્ચા થઈ હતી. વિરપુર શાળાના વિધાર્થીઓ સાથે બેઠક યોજાઈ જેમાં બાળકોએ સ્વાગત ગીત, ફુલોથી સ્વાગત તથા ભજન દ્વારા આરંભ થયો હતો વેસ્ટ મેનેજમેન્ટ અને વિધાર્થીઓ આ વિષય પર ધીરૂભાઈ, ભરતભાઈ તથા રાકેશભાઈએ માહિતી આપી ત્યારબાદ સરપંચશ્રી છગનભાઈ તથા તલાટીશ્રી ચિરાગભાઈ પુરોહિતએ પણ બાળકો સાથે ગામના પ્રશ્નો સંદર્ભે ગોષ્ઠી કરી હતી. સરપંચશ્રી સાથે રહી ગામમાં ચાલતી કામગીરીની ફીલ્ડ વિઝીટ કરી હતી. ભીમદેવળમાં પણ સરપંચશ્રી શાળાનો સ્ટાફ તથા વિધાર્થીઓ સાથે ઉપર મુજબ બેઠક યોજી હતી. ભુવાટીંબીમાં સંસ્થાના કાર્યકર રાયસીગભાઈ ડોડીયાના નિવાસ સ્થાને ગામના આગેવાનો તથા બાળકો સાથે મીટીંગ કરી. ટીંબડી ગામે પંચાયત કચેરીએ પહોચ્યા એટલે તરત જ સરપંચશ્રીએ આવીને લોકોને એકત્ર કર્યા અને વેસ્ટ મેનેજમેન્ટ ચાલતી કામગીરી અને હવે પછી કરવાની રહેતી કામગીરી પર માહિતી આપી હતી. સીમાર ગામે આંગણવાડી કાર્યકર બહેનશ્રી એ ગામની સ્વચ્છતાની બાબતોની વિગતો સાથે ગામ લોકો અને બાળકોને એકત્ર કરી ચર્ચા શરુ હતી એ દરમ્યાન સંસ્થાની ટીમ ત્યાં પહોચી સંસ્થાએ આ બાબતે વિસ્તૃત માહિતી આપી હતી. ઉપરોકત પાંચ ગામોની મુલાકાત દરમ્યાન સંસ્થાએ તૈયાર કરેલ શૈક્ષણિક કીટ દરેક ગામોંમા જરૂરીયાતવાળા બાળકોની કરેલ યાદી મુજબના બાળકોને આપી હતી.

**કુદરતી દુઃખ એ પરિક્ષા છેઃ ઉભું કરેલું દુઃખ શિક્ષા છે.**

**Well wisher of this month**

| | |
|---|---|
| 840 | Kshipra Menon |
| 840 | Aruna Juvekar |
| 840 | Arka Dutta |
| 840 | Sarita sawhny |
| 840 | Pranav Tadinada |
| 840 | Pravesh Nigam |
| 840 | Chirag Shah |
| 1322 | Manu Bhatnagar |
| 848 | Rutul Shah |
| 840 | Chandan Chatterjee |
| 3900 | Ritesh Sinha |
| 840 | Vishal Grover |
| 400 | Rahul Rajsuvarna |
| 50 | Amitkumar |
| 840 | Ashvini Nayak |
| 840 | Bhakti Rawle |
| 1900 | Bhaskar Bhargav |
| 200 | Bhavna Sinha |
| 1900 | Burjiz Cooper |
| 3800 | Deepraj Virk |
| 3360 | Goura Dash |
| 840 | Hariharan R |
| 3900 | Jitin Jain |
| 23400 | Jogeshwar Singh |
| 3900 | Karthikeyan Venkatraman |
| 3900 | Prashant Moudgil |
| 840 | Raja R |
| 840 | Narayana Gowda |
| 1680 | Joseph Palackal |
| 400 | Paravez Bagali |
| 840 | Pillutla Madhav |
| 840 | Shishodia Prashant |
| 270 | Prashanth Putta |
| 100 | Praveen D |
| 57 | Rajeshwer Rao |
| 200 | Rathankomar Soma |
| 1900 | Sajith GS |
| 1900 | Vishnu K.S.M. |
| 840 | Royam Gopinath |
| 430 | Tirumalesh Joshi |
| 4200 | Suresh Dubey |
| 300 | G. Vincent |
| 5700 | Yateen Jain |
| 840 | V Vinoth Adaikalaraj |
| 2000 | Hardik Vagadia |
| 70000 | Bharti finavia |
| 2000 | Ravi Vagadia |
| 7000 | Deepak Kabaria |
| 250 | Riddhi Jani |
| 1900 | Lalit Kumar |
| 1680 | Mandakini Gaikwad |
| 1680 | Nisha Thakur |
| 840 | Prashnt Sharma |
| 300 | Daya Shankar Srivastava |
| 300 | Shika Gupta |
| 250 | Ulka Sahdev |
| 200 | Shumi Brahma |
| 200 | Trupti Panchal |
| 200 | Andrea Nander |
| 100 | Andrews John |
| 50 | Amit Bawa |
| 50 | Binny Sangoi |
| 50 | Manoj Kumar |
| 40 | Ulhas Pawar |
| 20 | Priya Shinde |
| 100 | Malay Ghorai |
| 450 | Smita Valiyaveetil |
| 300 | Sinduri Gupta |
| 200 | Manasii Kulkarni |
| 150 | Soniya Mogre |
| 50 | Sonal Garg |
| 350 | Devendra Bhatia |
| 100 | Neha Narula |
| 120 | Sunita Sharma |
| 200 | Yogesh Gavas |
| 200 | Riju Mohite |
| 200 | Mohsin Shariff |
| 840 | Paramjit Singh Aujla |

**મનની શાંતિનું મુલ્ય સંપતિ અને સ્વાસ્થ્ય કરતા ઘણું વધારે છે.**

## સ્વરોજગાર લક્ષી તાલીમ

જુનાગઢ જીલ્લાના તાલાલાના સેમરવાવ ગામ તથા ઉના તાલુકાના કાજરડી ગામે ૦ થી ૧૬નો સ્કોર ધરાવતા કુટુંબોની મહિલાઓ માટે બે માસના સમયગાળાના આરીભરત અને સીવણ કલાસના વર્ગ માર્ચ મહિનામાં શરૂ કરેલ છે. આ બન્ને વર્ગમાં ૩૦ થી ૩૫ બહેનો જોડાયેલ

ભેંસાણ તાલુકાના મેદપરા ગામે ગત માસમાં શરુ કરેલ આરીભરત તાલીમ પૂર્ણ થતાં જોડાયેલા તાલીમાર્થીઓને ભેંસાણ તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, મેદપરાના સરપંચશ્રી, ઉપસરપંચશ્રી, તલાટી મંત્રીશ્રી, ગ્રામવિકાસ શાખાના વિસ્તણ અધિકારીશ્રી, ગ્રામ સેવકશ્રી અને શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના પ્રોગ્રામ ઓફીસરશ્રીના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા.

### માસ દરમ્યાન થયેલ કામગીરી

| | |
|---|---|
| ૦૨ | વેસ્ટમેનેજમેંટ પર વાર્તાલાપ |
| ૦૫ | સમાનતા અગેં સેમિનાર– ચેતના |
| ૦૭ | તાલીમ વર્ગ આરંભ, સેમરવાવ(તાલાલા) |
| ૦૯ | VHSC સમીક્ષા બેઠક |
| ૧૦ | SKVAW કોરગૃપ મિટિંગ, રાજકોટ |
| ૧૨ | અવિરત બોર્ડ, દસ્તાવેજીકરણમિટીંગ |
| ૧૩ | ફીલ્ડ વીઝીટ, ખાંભા |
| ૧૪–૧૫ | યુવા તાલીમ, કુવાડવા |
| ૧૫–૧૬ | દિકરીની સમાનતા અંગેની સમીક્ષા |
| ૧૭ | યુવા પ્રતિનિધિ બેઠક |
| ૧૮ | સેલ્ફ હેલ્પ ગૃપ તાલીમ |
| ૧૮ | એલઆઈસી સ્પેસીફીક પર્સન મીટીંગ |
| ૨૨ | યુવા ઈવેન્ટ, અમરેલી. |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**તમે કાલ મરવાના હો એમ માનીને જીવો અને તમે કયારેય મરવાના નથી એમ માનીને કાર્ય કરો.**